# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવા આધ્યાત્મિક શિખર સંમેલનને નશા મુક્ત ભારત તરફ એક મોટું પગલું ગણાવ્યું..

2) આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી - વિપક્ષી ઈન્ડી ગઠબંધને ગઇકાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી..

3) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે વિશ્વની કોઈ પણ તાકાત ભારતને તેના કાર્યો કેવી રીતે હાથ ધરવા તે અંગે નિર્દેશ આપી શકતી નથી..

4) ભારતે ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ 66મા આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડમાં ત્રણ સુવર્ણ, બે રજત અને એક કાંસ્યચંદ્રક જીત્યા..

5) હંગેરીના બુડાપેસ્ટમાં રમાઈ રહેલી કુશ્તી સ્પર્ધામાં ભારતીય મહિલા કુસ્તીબાજોએ ગઈકાલે એક રજત અને એક કાંસ્યચંદ્રક જીત્યો..

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - DRUG FREE INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવા આધ્યાત્મિક સંમેલનના મહત્વ પર ભાર મૂકતો એક લેખ શેર કર્યો છે અને તેને નશા મુક્ત ભારત તરફ એક મોટું પગલું ગણાવ્યું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાની પોસ્ટના જવાબમાં, શ્રી મોદીએ કહ્યું કે ડૉ. માંડવિયાએ વિગતવાર સમજાવ્યું છે કે કેવી રીતે યુવા આધ્યાત્મિક સંમેલન નશા મુક્ત ભારત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

માય ભારત પહેલ અંતર્ગત 'યુવા આધ્યાત્મિક શિખર સંમેલન ' કાશીના પવિત્ર ઘાટ પર "વિકસિત ભારત માટે નશા મુક્ત યુવાનો" વિષય વસ્તુ પર યોજાઈ રહ્યું છે. આ સંમેલન મોદી સરકારના નશા મુક્ત ભારત અભિયાનનો એક ભાગ છે જેનો ઉદ્દેશ્ય અનેક યુવાઓના નેતૃત્વવાળી પહેલ દ્વારા ડ્રગ્સના ઉપયોગને નાબૂદ કરવાનો છે.

ડૉ. માંડવિયાએ તેમની પોસ્ટમાં ભાર મૂક્યો હતો કે આ સંમેલન માત્ર એક આધ્યાત્મિક સંમેલન નથી પરંતુ ડ્રગ્સ અને નશાના વ્યસન સામે રાષ્ટ્રવ્યાપી યુવા ચળવળની શરૂઆત પણ છે. તેમણે લખ્યું કે "ભારતના યુવાનો ડ્રગ્સના ભયથી મુક્ત ભવિષ્યને ઘડવામાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે." આ કાર્યક્રમમાં યુવા નેતાઓ, આધ્યાત્મિક માર્ગદર્શકો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમણે માનસિક સ્વાસ્થ્ય, આધ્યાત્મિકતા અને સમુદાય સહકાર દ્વારા નશાના સેવનને અટકાવવા સર્વાંગી અભિગમોની ચર્ચા કરી. પ્રધાનમંત્રીનું આ પહેલને સમર્થન , 2047 સુધીમાં વિકસિત અને નશામુક્ત ભારત બનાવવાના મિશનમાં યુવાનોને જોડવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# MONSOON SESSION

આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સરકાર સંસદના બંને ગૃહોના સુચારુ સંચાલન માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહયોગની અપેક્ષા રાખશે.

કેન્દ્રિય મંત્રી કિરેન રિજ્જુએ વધુ માહિતી આપી...

(BYTE: KIRAN RIJIJU)

# OPPOSITION MEETING

દરમ્યાન ગઈકાલે વિપક્ષી ઈન્ડી ગઠબંધનના નેતાઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરી હતી. બેઠકમાં સત્ર દરમિયાન વિપક્ષની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, શિવસેના-યુબીટી, ડીએમકે, સીપીઆઈ-એમ, એનસીપી-શરદ પવાર જૂથ અને અન્ય પક્ષોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવ અને ડીએમકે પાર્ટીના ત્રિચી શિવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન પક્ષો વચ્ચે ચોમાસુ સત્રમાં પહેલગામ આતંકવાદી હુમલો અને ઓપરેશન સિંદૂર જેવા મુદ્દાઓ ઉઠાવવા માટે સર્વસંમતિ સધાઈ હતી.

# VP-IDES

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે વિશ્વની કોઈ પણ શક્તિ ભારતને તેના કાર્યો કેવી રીતે હાથ ધરવા તે અંગે નિર્દેશ આપી શકતી નથી.

શ્રી ધનખડ ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય સંરક્ષણ સંપદા સેવાના 2024 બેચના તાલીમાર્થી અધિકારીઓને કહ્યું કે આ સાર્વભૌમ રાષ્ટ્રમાં બધા નિર્ણયો તેના નેતૃત્વ દ્વારા લેવામાં આવે છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે દેશમાં ઘણા પડકારો છે, વિભાજનકારી લાગણીઓ ઉભી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે દેશ વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યો છે.

શ્રી ધનખડે ઓપરેશન સિંદૂર દરમિયાન નાગરિકો પર હુમલો ન કરવાના અને ફક્ત આતંકવાદી માળખાને નિશાન બનાવવાના ભારતના સુવિચારિત નિર્ણયની પ્રશંસા કરતાં કહ્યું કે ભારત શાંતિ અને અહિંસામાં માને છે. તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાનના બહાવલપુર અને મુરીદકેમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવીને આતંકવાદીઓને પાઠ ભણાવ્યો છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કેટલીક શક્તિઓ ભારતની પ્રગતિને સ્વીકારી શકતી નથી કારણ કે કોઈને અપેક્ષા નહોતી કે જ્યારે આખું વિશ્વ આર્થિક મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારતનું અર્થતંત્ર આટલું મજબૂત થશે. તેમણે કહ્યું કે ભારતનો ઉદ્દેશ્ય ફક્ત તેની અર્થવ્યવસ્થામાં સુધારો કરવાનો નથી પરંતુ તેના લોકોનો વિકાસ કરવાનો પણ છે. શ્રી ધનખડે કહ્યું કે ભારત વૈશ્વિક સ્તરે સૌથી વધુ મહત્વાકાંક્ષી રાષ્ટ્ર બની ગયું છે.

# MAHA-DROWN

મહારાષ્ટ્રમાં ગઈકાલે બે અલગ અલગ ઘટનાઓમાં સાત લોકો ડૂબી ગયા હતા. પહેલી ઘટનામાં પંઢરપુરમાં ચંદ્રભાગા નદીમાં ત્રણ મહિલા શ્રદ્ધાળુઓના મોત થયા હતા. આ મહિલાઓ પુંડલિક મંદિર પાસે પવિત્ર સ્નાન માટે નદીમાં ડૂબકી લગાવવા ગઈ હતી. તેમને બચાવવાના પ્રયાસો છતાં બે મહિલાઓએ જીવ ગુમાવ્યા. ત્રીજી મહિલાની શોધ ચાલુ છે. ઉજાની ડેમમાંથી પાણી છોડવાને કારણે ચંદ્રભાગા નદીમાં પાણીનું સ્તર વધ્યું હતું. મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

બીજી ઘટના રત્નાગિરિ જિલ્લાના પ્રવાસન સ્થળ અરે-વેયર સાગરમાં તરતી વખતે ચાર લોકો ડૂબી ગયા હતા. તેમાં ત્રણ મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. મૃતકોના મૃતદેહ મળી આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક નીતિન બગાટેએ પ્રવાસીઓને ઊંડા સમુદ્રમાં ન જવાની સલાહ આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-IMO GOLD

ભારતે ઓસ્ટ્રેલિયાના સનશાઇન કોસ્ટમાં 66મા આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડમાં ત્રણ સુવર્ણ, બે રજત અને એક કાંસ્યચંદ્રક જીત્યા છે.

દિલ્હીના કનવ તલવાર અને આરવ ગુપ્તા તથા મહારાષ્ટ્રના આદિત્ય મંગુડીએ સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. કર્ણાટકના એબેલ જ્યોર્જ મેથ્યુ અને દિલ્હીના આદિશ જૈને રજતચંદ્રક જીત્યા હતા. દિલ્હીના અર્ચિત માનસે કાંસ્યચંદ્રક મેળવ્યો હતો. આ સ્પર્ધામાં કુલ 630 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં 69 મહિલાઓનો સમાવેશ થાય છે.

1998 પછી આ બીજી વખત છે જ્યારે ભારતે આ ઓલિમ્પિયાડમાં ત્રણ સુવર્ણ ચંદ્રક જીત્યા છે. વર્ષ 2024માં, ભારતે ચાર સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો હતો. 1989માં આ સ્પર્ધા શરૂ થયા પછી ભારતે અત્યાર સુધીમાં 23 સુવર્ણ ચંદ્રકો જીત્યા છે. આ વર્ષે ભારત સ્પર્ધામાં સાતમા ક્રમે રહ્યું છે.

# MOHAN YADAV – SPAIN

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવનો દુબઈ અને સ્પેનના સાત દિવસનો વિદેશ પ્રવાસ ગઈકાલે પૂર્ણ થયો. મુખ્યમંત્રીનો આ પ્રવાસ મધ્યપ્રદેશ વૈશ્વિક સંવાદ-2025 ના ભાગ રૂપે હતો.

પ્રવાસના છેલ્લા તબક્કામાં શ્રી યાદવે બાર્સેલોનામાં ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કરી. તેમણે મર્કાબર્ના જેવા વૈશ્વિક કૃષિ મોડેલોનું પણ અવલોકન કર્યું અને ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા.

મુખ્યમંત્રીની આ મુલાકાતનો હેતુ વૈશ્વિક સ્તરે વિકસિત મધ્યપ્રદેશના વિઝનને મજબૂત બનાવવાનો હતો.

શ્રી યાદવે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મધ્યપ્રદેશમાં ઉત્પાદન વધારવા, રોજગારીની નવી તકો ઊભી કરવા અને ખેડૂતોની આવક વધારવા માટે રોકાણકારો સાથે અનેક કરારો કરવામાં આવ્યા છે.

**(બાઇટ – મોહન યાદવ)**

# WRESTLING

હંગેરીના બુડાપેસ્ટમાં પોલ્યાક ઇમરે વર્ગા જાનોસ મેમોરિયલ કુશ્તી સ્પર્ધામાં ભારતીય મહિલા કુસ્તીબાજોએ ગઈકાલે એક રજત અને એક કાંસ્યચંદ્રક જીત્યો હતો. પ્રિયા મલિકે 76 કિલોગ્રામ વજન વર્ગમાં રજતચંદ્રક જીત્યો હતો. મનીષાએ કાંસ્યચંદ્રક જીત્યો હતો. આ સાથે, ભારતે હવે સ્પર્ધામાં આઠ ચંદ્રકો જીત્યા છે. જેમાં ત્રણ સુવર્ણ, બે રજત અને ત્રણ કાંસ્યચંદ્રકોનો સમાવેશ થાય છે

# MUST ANNOUNCEMENT

સંસદનું ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થશે. સત્રની પૂર્વસંધ્યાએ આકાશવાણીનો સમાચાર સેવા વિભાગ શ્રોતાઓ માટે "સંસદ સમક્ષના મુદ્દાઓ" અને "સંસદ કે સમક્ષ મુદ્દે" પર વિશેષ ચર્ચાઓ રજૂ કરશે.

"સંસદ પહેલાં મુદ્દાઓ" કાર્યક્રમ આકાશવાણી રેઇનબો અને વધારાની આવૃત્તિઓ પર સાંભળી શકાશે અને "સંસદ કે સમક્ષ મુદ્દે" આકાશવાણી ગોલ્ડ અને વધારાની આવૃત્તિઓ પર આજે રાત્રે 9:30 થી 10.00 સુધી સાંભળી શકાશે. આ કાર્યક્રમ અમારી વેબસાઇટ ન્યૂઝ ઓન એર ડોટ જીઓવી ડોટ ઇન અને અમારી યુટ્યુબ ચેનલ ન્યૂઝ ઓન એર ઓફિસિયલ પર પણ ઉપલબ્ધ હશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

1)આજના તમામ છાપાઓમાં રાજસ્થાનના પુષકર-અજમેરમાં ભારે વરસાદ, ભારત-પાક યુદ્ધ અંગે ડોનાલ્ડ ટ્રમ્પના વિવાદાસ્પદ નિવેદન, ઓક્ટોબરથી ભારત - EFTA મુક્ત વ્યાપાર સમજૂતી લાગુ સહિતના સમાચારોને મુખ્ય પાને પ્રકાશિત કરવામાં આવ્યા છે.

2)નવગુજરાત સમય મુખ્ય શીર્ષકમાં લખે છે યુ.એસ. પ્રમુખે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હોવાનું રટણ ચાલુ રાખ્યું. ભારત-પાક. સંઘર્ષમાં 5 જેટ તોડી પડાયા હતા: ટ્રમ્પનો વધુ એક દાવો

3)ફૂલછાબની હેડલાઈન છે, ઓક્ટોબરથી ભારત - EFTA મુક્ત વ્યાપાર સમજૂતી લાગુ, 15 વર્ષમાં થશે 100 અબજ અમેરિકી ડોલરનું રોકાણ

4)ગુજરાત સમાચારે અમેરિકાને કૃષિ-ડેરી સેક્ટરમાં મંજૂરી ભારત માટે ખોટનો વેપાર, ભારે વરસાદથી રાજસ્થાનમાં તારાજી, ઉત્તરપ્રદેશમાં 18ના મોત નીપજયાં સહિતના સમાચારો મુખ્ય પણે પ્રકાશિત કરાયા છે

5)સટ્ટાખોરીની એપ્લિકેશનને પ્રોત્સાહન આપવાનો આરોપ, ગૂગલ અને મેટાને પૂછપરછ માટે ઈ. ડી.એ નોટિસો બજાવી

6) રાજસ્થાન પત્રિકા પ્રથમ પાને લખે છે દેશમેં તૈયાર હુઆ મેલેરિયા કા પહલા સ્વદેશી ટીકા, એક દશક તક કરેગા સુરક્ષા